# 05 - વિજ્ઞાન અને ટેક્નોલોજી

| | |
|---|---|
| 101 | ચુંબક લોખંડ ઉપરાંત ________ તથા _______ ધાતુને પણ આકર્ષે છે.<br>(A) ક્રોમિયમ, નિકલ (B) કોબાલ્ટ, નિકલ (C) ક્રોમિયમ, નિયોન (D) કોબાલ્ટ, નિયોન |
| 102 | સમય, અંતર, સ્થાનાંતર, ઝડપ આપેલ જૂથમાંથી અલગ પડતી ભૌતિક રાશિ જણાવો.<br>(A) સ્થાનાંતર (B) સમય (C) ઝડપ (D) અંતર |
| 103 | તમે એકબીજાનાં ભૂકા પર કોસ્ટિક સોડાનાં દ્રાવણનાં દસ–બાર ટીપાં નાંખી તેના પર મોરથૂથુના દ્રાવણના બે–ત્રણ ટીપાં નાંખો છો ત્યારે બીજ જાંબલી રંગ પરિવર્તન પામે તો તે બીજમાં કયો પદાર્થ હોવાની સાબિતી મળે છે?<br>(A) કાર્બોદિત (B) ચરબી (C) પ્રોટીન (D) શર્કરા |
| 104 | હવાનું દબાણ માપવા માટેના સાધનનું નામ _______ છે.<br>(A) એરોમીટર (B) બેરોમીટર (C) વોલ્ટમીટર (D) એમીટર |
| 105 | અગ્નિશામક ઉપકરણોમાં વપરાતો ક્ષાર ઓળખો.<br>(A) ખાવાનો સોડા (B) ધોવાનો સોડા (C) મીઠું (D) એકપણ નહીં |
| 106 | પદાર્થ પર અસંતુલિત બાહ્યબળ લગાડતાં......... (i) તેની ગતિ બદલાય, (ii) તેનું સ્થાન બદલાય, (iii) તેના વેગમાં ફેરફાર થાય.<br>(A) (i) અને (iii) (B) (i) અને (ii) (C) (ii) અને (iii) (D) (i), (ii) અને (iii) |
| 107 | ખોરાકનો સંગ્રહ કરતુ પ્રકાંડ કયુ છે?<br>(A) ગાજર (B) બીટ (C) બટાકા (D) મૂળો |
| 108 | મગફળી, લીંબુ, વટાણા, ચણામાંથી માંસલ ફળ અલગ તારવો.<br>(A) મગફળી (B) વટાણા (C) ચણા (D) લીંબુ |
| 109 | ક્ષુપ પ્રકારની વનસ્પતિ ઓળખો.<br>(A) લીમડો (B) બાજરી (C) દાડમ (D) જુવાર |
| 110 | 10 મીટર ઊંચાઈએથી મુક્ત પતન કરતો દડો જયારે જમીન પર પડે ત્યારે તેનો વેગ કેટલો હશે? ($g=9.8 m/s^2$)<br>(A) 196 m/s (B) 98 m/s (C) 14 m/s (D) 13 m/s |
| 111 | ટીડીએસ મીટર પર આદર્શ પાણીનુ માપ કેટલુ હોય શકે?<br>(A) 51ppm-100ppm (B) 0ppm-50ppm (C) 101ppm-150ppm (D) 400ppm-500ppm |
| 112 | જમીન વિના ખેતી કરવાની પદ્ધતિ એટલે..................<br>(A) બાગાયતી ખેતી (B) કિચન ગાર્ડન (C) હાઈડ્રોપોનિક્સ (D) એકપણ નહીં |
| 113 | કયો દિવસ "વિશ્વ પાણી દિન" તરીકે ઊજવાય છે?<br>(A) 22 એપ્રિલ (B) 21 એપ્રિલ (C) 21 માર્ચ (D) 22 માર્ચ |
| 114 | પાણીનું ઉત્કલન બિંદુ જણાવો.<br>(A) 100K (B) 373.16K (C) 100F (D) 373.16F |
| 115 | નીચેનામાંથી કયું સહાયક પાચન અંગ છે?<br>(A) જઠર (B) અન્નનળી (C) મળાશય (D) યકૃત |
| 116 | પેરામિશિયમ શેનું ઉદાહરણ છે?<br>(A) બેક્ટેરિયા (B) વાઈરસ (C) પ્રજીવ (D) ફૂગ |
| 117 | 1 કિલોમીટર = ___________.<br>(A) 100000 સેમી (B) 1000 મિમી (C) 100 મીટર (D) 1000 સેમી |

| | |
|---|---|
| 118 | સલ્ફરની સંયોજકતા કેટલી છે?<br>(A) 2 (B) 3 (C) 1 (D) 4 |
| 119 | કયા પ્રકારના ઉચ્ચાલનમાં આધારબિંદુનું સ્થાન વચ્ચે હોય છે?<br>(A) પ્રથમ (B) દ્વિતીય (C) તૃતીય (D) બધાં જ |
| 120 | શરીરની અનૈચ્છિક ક્રિયાઓનું નિયંત્રણ કોણ કરે છે?<br>(A) મધ્ય મગજ (B) પશ્ચ મગજ (C) અગ્ર મગજ (D) અગ્ર તથા મધ્ય મગજ સંયુક્ત પણે |
| 121 | નીચેનામાંથી કુદરતી પ્રકાશ ઉદ્દગમ કોણ છે?<br>(A) બલ્બ (B) મીણબત્તી (C) તારાઓ (D) ચંદ્ર |
| 122 | હું કોષમાં ખોરાકના ઘટકોના પાચન માટે ઉત્સેચક ઉત્પન્ન કરું છું.<br>(A) ગોલ્ગીકાય (B) કણાભસૂત્ર (C) લાયસોઝોમ્સ (D) રસધાની |
| 123 | શુદ્ધ મીઠું મેળવવા અલગીકરણની કઈ પદ્ધતિનો ઉપયોગ થાય છે?<br>(A) ઉર્ધ્વપાતન (B) ગાળણ (C) બાષ્પીભવન (D) નિસ્યંદન |
| 124 | મેગ્નેશિયમની પટ્ટી અથવા ખીલી, હાઈડ્રોક્લોરિક એસિડ આ બધાં પદાર્થો કયો વાયુ મેળવવા માટેના પદાર્થો છે?<br>(A) $O_2$ (B) $N_2$ (C) $H_2$ (D) $CL_2$ |
| 125 | તમે એક વાટકામાં પલાળી રાખેલાં બીજમાંથી એકબીજ લઈ તેને હાથ વડે દબાવો છો છતાં તેની બે ફાળ થતી નથી તો નીચે આપેલ બીજ પૈકી કયું બીજ હશે?<br>(A) મગફળી (B) ઘઉં (C) મગ (D) વટાણા |
| 126 | મારા કોષનો આકાર ગોળાકાર, અંડાકાર કે બહુતલીય છે તથા કોષદીવાલમાં પેક્ટિન નામનો કાર્બોદિત પદાર્થ રહેલો છે.<br>(A) મૃદુતક પેશી (B) સ્થૂલકોણક પેશી (C) વર્ધનશીલ પેશી (D) દૃઢોતક પેશી |
| 127 | પદાર્થનું વજન માપવા માટે કયા સાધનનો ઉપયોગ થાય છે?<br>(A) સ્પ્રિંગ કાંટો (B) ત્રાજવું (C) બ્યુરેટ (D) અંકિત નળાકાર |
| 128 | ઈલેક્ટ્રોનિક કણોની સાપેક્ષે કયા કણો અતિ ભારે છે?<br>(A) પ્રોટોન (B) ન્યુટ્રોન (C) પ્રોટોન અને ન્યુટ્રોન (D) એકપણ નહીં |
| 129 | શર્મિષ્ઠા તારા જૂથનો આકાર જણાવો.<br>(A) V (B) X (C) N (D) W |
| 130 | 1 Kwh = ___________ J<br>(A) $36 \times 10^{6}$ (B) $3.6 \times 10^{-6}$ (C) $3.6 \times 10^{-7}$ (D) $3.6 \times 10^{5}$ |
| 131 | બે અરિસા વચ્ચે 60° નો ખૂણો રાખવાથી વસ્તુના કેટલા પ્રતિબિંબ મળે?<br>(A) 6 (B) 7 (C) 5 (D) 4 |
| 132 | પરસેવામાં પાણી સાથે બીજું શું નથી હોતું?<br>(A) સોડિયમ ક્લોરાઈડ (B) યુરિયા (C) ગ્લુકોઝ (D) પોટેશિયમનો ક્ષાર |
| 133 | નીચે પૈકી કયાં પદાર્થનાં અણુઓ વચ્ચેનું અંતર સૌથી વધુ હોય છે?<br>(A) સાદુ પાણી (B) મોસંબીનો રસ (C) પાણીની બાષ્પ (D) લીંબુપાણી |
| 134 | ચામાચીડિયું, કૂતરું, બિલાડી કેવા પ્રકારના ધ્વનિતરંગો ઉત્પન્ન કરી શકે છે?<br>(A) ઓડિબલ (B) ઈન્ફ્રાસોનિક (C) અલ્ટ્રાસોનિક (D) સુપરસોનિક |
| 135 | આપણી પૃથ્વી કયા બે ગ્રહોની વચ્ચે આવેલી છે?<br>(A) બુધ–શુક્ર (B) શુક્ર–મંગળ (C) મંગળ–ગુરુ (D) શુક્ર–ગુરુ |
| 136 | સૌથી નિમ્ન કક્ષાનો કોલસો ઓળખો.<br>(A) લિગ્નાઈટ (B) બિટુમીન (C) પીટ (D) એન્દ્રેસાઈટ |

| | |
|---|---|
| 137 | ઉષ્માવહન માટે જરૂરી સ્થિતિ જણાવો.<br>(i) બે પદાર્થો એકબીજાનાં સંપર્કમાં હોય<br>(ii)બે પદાર્થો વચ્ચે ગરમીનો તફાવત હોય<br>(A) (i) (B) (ii) (C) (i) અને (ii) (D) એકપણ નહીં |
| 138 | આધુનિક આવર્ત કોષ્ટકમાં આડી હરોળ (આવર્ત)ની સંખ્યા કેટલી છે?<br>(A) 18 (B) 16 (C) 8 (D) 7 |
| 139 | હું 120°c થી 180°c તાપમાને છૂટું પડું છું.<br>(A) કેરોસીન (B) નેપ્થા (C) ડીઝલ (D) પેટ્રોલ |
| 140 | નીચેનામાંથી પર્યાવરણીય જૈવિક ઘટક અલગ તારવો.<br>(A) પાણી (B) પ્રકાશ (C) જમીન (D) સૂક્ષ્મજીવાણું |
| 141 | તમે એક પદાર્થને પાણીમાં નાંખો છો પણ તે પાણીમાં દ્રાવ્ય થતો નથી તો તે પદાર્થના પરમાણુઓ વચ્ચે કયો બંધ હશે?<br>(A) હાઈડ્રોજન બંધ (B) સહસંયોજક બંધ (C) આયોનિક બંધ (D) આયોનિક દ્વિબંધ |
| 142 | એશિયાનો સૌથી મોટો સોલાર પાર્ક કયા ગામમાં આવેલો છે?<br>(A) ચારણકા (B) કલ્યાણપુરા (C) ચોર–ડુંગરી (D) ખેડા |
| 143 | દુકાનદાર કેરોસીન ડબામાં રેડે છે ત્યારે ડબાથી નાળચું સહેજ ઊંચુ રાખે છે, આ ઘટના શેનું ઉદાહરણ છે?<br>(A) હવા દળ ધરાવે છે (B) હવા કદ ધરાવે છે (C) પ્રવાહી દળ ધરાવે છે (D) પ્રવાહી કદ ધરાવે છે |
| 144 | રિડકશન કર્તા પદાર્થ રાસાયણિક પ્રક્રિયા દરમિયાન ઈલેક્ટ્રોન.............<br>(A) મેળવે છે (B) ગુમાવે છે (C) મેળવે અથવા ગુમાવે (D) કઈ કહી શકાય નહીં |
| 145 | બાયોમેડીકલ વેસ્ટ ભરેલી પીળા રંગની કચરા પેટીમાં રહેલા કચરાનું તમે શું કરશો?<br>(A) જમીનમાં દાટશો (B) સ્ટરીલાઈઝડ કરશો (C) બાળી નાંખશો (D) તોડી નાખશો |
| 146 | પદાર્થમાં રહેલા અણુઓની કુલ ગતિ શકિત એટલે................<br>(A) ઉષ્મા (B) ગતિઊર્જા (C) A અને B બંને (D) એકપણ નહીં |
| 147 | પ્રાણીસૃષ્ટિના વર્ગીકરણની કક્ષાઓનો કયો સમૂહ યોગ્ય રીતે ઉતરતા ક્રમે ગોઠવાયેલો છે?<br>(A) સૃષ્ટિ, ગોત્ર, વર્ગ, કુળ (B) ગોત્ર, વર્ગ, કુળ, સૃષ્ટિ<br>(C) સૃષ્ટિ, વર્ગ, ગોત્ર, કુળ (D) સૃષ્ટિ, કુળ, વર્ગ, ગોત્ર |
| 148 | શૂળત્વચી સમુદાયનું ઉદાહરણ જણાવો.<br>(A) કરચલો (B) પાઈલા (C) ઝીંગા (D) સ્ટારફીશ |
| 149 | ઓઝોનનું રાસાયણિક સૂત્ર શું છે?<br>(A) O (B) $O_3$ (C) $O_2$ (D) $O_4$ |
| 150 | નીચે પૈકી કયુ તત્વ ગુરુપોષક તત્વ નથી?<br>(A) પોટેશિયમ (B) ફોસ્ફરસ (C) ઝિંક (D) કેલ્શિયમ |